શક્તિદૂત યોજના અંગેની સંકલિત સુચનાઓ બહાર પાડવા બાબત.
શક્તિદૂત યોજના ૨.૦

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SYCAD/MRT/e-file/19/2025/0118/B
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૮/૨૦૨૬

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૦૬નો ઠરાવ ક્રઃ એસએજી/૧૦૨૦૦૫/૧૫૬૪/બ
(૨) આ વિભાગનો તા.૦૮/૦૭/૨૦૦૮નો ઠરાવ ક્રઃ એસએજી/૧૦૨૦૦૫/૧૫૬૪/બ
(૩) આ વિભાગનો તા.૧૭/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એસએજી/૧૦૨૦૦૫/૧૫૬૪/ બ
(૪) આ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્ર: આરએમટી/૧૦૨૦૧૫/૧૩૫૦/બ
(૫) ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરનો પત્ર ક્રઃ શક્તિદૂત/ઠરાવ સુધારો/૨૦૨૬-૨૭/૨૬૪, તા.૨૮/૦૪/૨૦૨૬

આમુખ:

રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓમાં રહેલી ક્ષમતાને ધ્યાને લઈને તેમને જરૂરિયાતના ધોરણે(Need base) રમતગમતને સંલગ્ન સુવિધાઓ પુરી પાડી Excellence તરફ લઈ જઈ ચેમ્પિયન તૈયાર કરવા માટે ખેલાડીઓને તેમની સિદ્ધિઓના આધારે પસંદગી કરીને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપી તેઓને પૌષ્ટિક આહાર, રમતગમતની અદ્યતન સુવિધા, આધુનિક સાધનો, સ્પોર્ટસ કિટ્સ, સ્ટાઈપેન્ડ, નિષ્ણાંત પ્રશિક્ષકોની સેવાઓ ઉપલબ્ધ કરાવીને તેઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ માટે મોકલી ઉત્તમ દેખાવ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા તેમજ રાજ્યમાં રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરીને રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૩૧/૦૮/૨૦૦૬ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ થી શક્તિદૂત યોજના અમલમાં મુકવામાં આવેલ અને આ યોજનાના અમલીકરણ માટે વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના આ વિભાગના તા.૦૮/૦૭/૨૦૦૮ના ઠરાવથી શક્તિદૂત યોજનાને કાર્યાન્વિત કરવા માટે સમિતિની રચના કરવામાં આવેલ. શક્તિદૂત યોજના માટેના અગાઉના ઠરાવ સંકલિત કરીને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૧૭/૦૮/૨૦૧૫ના ઠરાવથી સંકલિત નિયમો ઘડવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના ઠરાવથી શક્તિદૂત યોજના માટે ખેલાડીઓની પસંદગી કરવા માટે નિયમો તેમજ માપદંડો નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ-(૫) પરના તા.૨૮/૦૪/૨૦૨૬ના પત્રથી ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કરેલ દરખાસ્ત અન્વયે આ વિભાગના તા.૧૭/૦૮/૨૦૧૫ અને તા.૦૫/૧૨/૨૦૧૫ના ઠરાવમાં જરૂરી સુધારા વધારા સાથેનો સંકલિત ઠરાવ નવેસરથી પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વંચાણમાં લીધેલ ક્રમ–(૩) અને ક્રમ–(૪) પરનાં આ વિભાગના બંને ઠરાવો સંકલિત કરીને જરૂરી સુધારા સાથે "શક્તિદૂત યોજના ૨.૦" માટેનો નવીન સંકલિત ઠરાવ નીચે મુજબની વિગતે પ્રસિધ્ધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) યોગ્યતા

(૧) ઓલિમ્પિક ગેમ્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સમાં સમાવિષ્ટ રમતો અને સ્કૂલ ગેઇમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સમાવિષ્ટ રમતો તેમજ પરંપરાગત રમતો જેવી કે ખો–ખો, કબડ્ડી, ચેસ, યોગાસના અને મલખમ (મલ્લખંભ) જેવી રમતોને માન્ય ગણવામાં આવશે અને તેની સિધ્ધિની યોગ્યતાના ધોરણે નિયુક્ત થયેલ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૨) ૯ વર્ષથી ઉપરની વય ધરાવતાં ખેલાડીઓ જેઓ રાજ્યકક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાના વિજેતા અથવા રાષ્ટ્રકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં વિજેતા બને અથવા આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરે તો તેમની રમત સિધ્ધિઓના આંકને લક્ષમાં લઈને આ યોજના હેઠળ પસંદગી કરવામાં આવશે તેમજ પસંદગી સમિતિ દ્વારા ટેલેન્ટ આઇડેન્ટીફિકેશનની પ્રક્રિયાની મંજૂરી આપીને આશાસ્પદ ખેલાડીઓની પસંદગી કરીને પણ આ યોજનાનો લાભ આપી શકાશે. જેમાં પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

(૩) આ સાથે સામેલ પત્રક–G માં દર્શાવેલ સ્પર્ધાઓમાં પર્ફોમન્સ કરનાર સામાન્ય અને દિવ્યાંગ ખેલાડીઓને આ યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવશે તથા પત્રક–G માં દર્શાવેલ સ્પર્ધાઓમાં વધારો/બાદબાકી કરવા અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિનો રહેશે.

(૪) આ યોજના માટે પસંદગી પામતા ખેલાડીની અગાઉની બે વર્ષની રમતગમતની સિધ્ધિઓ ધ્યાને લેવામાં આવશે.

(૫) કોઈ રમતવીર પ્રતિબંધિત દવાઓનું સેવન કરતા માલૂમ પડશે અથવા બીજી રીતે અશક્ત થઈ જશે તો તેઓને તાત્કાલિક આ યોજનામાંથી પડતા મૂકવામાં આવશે અને યોજનાના લાભો બંધ કરવામાં આવશે.

(૬) દિવ્યાંગ ખેલાડીઓને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

યોગ્યતા માટેના ઉપરોક્ત માપદંડો સામાન્ય રીતે ધ્યાને લેવામાં આવશે. પરંતુ કોઈ રમતવીરની વિશિષ્ટ સિધ્ધિને ધ્યાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિભા વિસ્તારવા માટે અને તેની ક્ષમતાઓનો પૂર્ણ રીતે વિકાસ થાય તે માટે પસંદગી સમિતિ તેઓને શક્તિદુત યોજનામાં સમાવવા બાબતે યોગ્ય નિર્ણય લઈ શકશે.

(૨) સમયગાળો

(૧) પસંદગી કરેલ ખેલાડીઓને પ્રારંભિક તબક્કે ૦૨(બે) વર્ષ માટે આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે, ત્યારબાદ સ્ક્રીનીંગ સમિતિએ પસંદગી પામેલા ખેલાડીઓના પ્રદર્શન (પર્ફોર્મન્સ)ની સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે.

(૨) સ્ક્રીનીંગ સમિતિએ ખેલાડીઓના પ્રદર્શનના મૂલ્યાંકનના આધારે ખેલાડીઓને તે જ કેટેગરીમાં રાખવા/હાલની કેટેગરીમાંથી ઉપરની કેટેગરીમાં લઇ જવા/નીચેની કેટેગરીમાં લાવવા/ ખેલાડીઓને વીડઆઉડ(Weed Out) કરવા તે અંગેની ભલામણ પસંદગી સમિતિને કરવાની રહેશે.

(૩) સ્ક્રીનીંગ સમિતિની ભલામણના આધારે પસંદગી સમિતિ દ્વારા વર્ષમાં જયારે જયારે જરૂર જણાય ત્યારે ખેલાડીઓને Weed Out, અપગ્રેડ અને ડાઉનગ્રેડ કરી શકશે અને આ અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિનો રહેશે.

(૪) ખેલાડીની પસંદગી થાય તે પછી તેને નિયમિત રીતે તાલીમ લેવાની રહેશે અને રાજય સરકાર ખેલાડી પાસેથી અપેક્ષા રાખે છે કે ખેલાડી નેશનલ ગેમ્સ, એસ.જી.એફ.આઈ., ખેલો ઈન્ડિયા અને રાષ્ટ્રીય ફેડરેશન દ્વારા આયોજીત વિવિધ નેશનલ અને ઇન્ટરનેશનલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તે ઇચ્છનિય છે.

જો કોઇ ખેલાડી પસંદગી પામ્યા બાદ કોઇ સ્પર્ધામાં ભાગ ન લઇ શકે તેમ હોય તો તેણે તે અંગેના સચોટ કારણો સાથે સ્ક્રીનીંગ સમિતિને રીપોર્ટ કરવાનો રહેશે. સ્ક્રીનીંગ સમિતિનાં અભિપ્રાય સાથે પસંદગી સમિતિ દ્વારા આ અંગેનો નિર્ણય આખરી ગણાશે. જેમાં પસંદગી સમિતિ ખેલાડીને યોજનાના લાભો ચાલુ રાખવા, વીડ આઉટ(Weed Out) કરવા, અપગ્રેડ(Up Grade) કે ડાઉનગ્રેડ (Down Grade) કરવા વગેરે જેવા નિર્ણયો પસંદગી સમિતિ આવા કિસ્સામાં લઇ શકશે.

(૩) જરૂરીયાત આધારિત સહાય

આ યોજના હેઠળ સમાવિષ્ટ સામાન્ય અને દિવ્યાંગ રમતવીરોની પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરેલ નાણાકીય મર્યાદામાં ખેલાડીની જરૂરીયાતને લક્ષમાં લઇને નીડબેઝ(Need Base) નાણાકીય સહાય સ્ક્રીનીંગ સમિતિ મંજૂર કરી શકશે.

નાણા દૈનિક પ્રેકિટસ અને પોષણ માટે આપવામાં આવે છે. ખેલાડી નાણાનો ઉપયોગ આ હેતુ માટે ન કરતો હોવાનું જણાશે તો આ લાભ બંધ કરી દેવામાં આવશે. દર ૦૬(છ) મહીને દેખાવ(પર્ફોમન્સ)નું મૂલ્યાંકન કરવાની પધ્ધતિ દાખલ કરવામાં આવી હોવાથી માસિક હાજરી–પત્રક રજૂ કરવાની જરૂર રહેતી નથી. ખેલાડી દ્વારા રજૂ કરાયેલ નીડબેઝ (Need base) સહાયની મંજૂરી મળ્યેથી સહાયની રકમ શરુઆતથી(Advance) ખેલાડીના બેંક ખાતામાં ઓનલાઈન DBT માધ્યમથી જમા કરી દેવામાં આવશે.

(૧) કીટ અને સાધન સામગ્રી

આ યોજનાના લાભાર્થી રમતવીરોને તેમને જરૂર જણાય તે પ્રમાણેની સ્પોર્ટસ કીટ અને તાલીમ/સ્પર્ધા માટે જરુરી સાધનો પૂરા પાડવામાં આવશે અથવા રમતવીરોને વ્યકિતગત રીતે પસંદગી સમિતિની મંજૂરીથી આવી સ્પોર્ટસ કીટ અને તાલીમ/સ્પર્ધા માટે જરુરી સાધનો ખરીદવા માટે છૂટછાટ આપી શકાશે અને આવા ખેલાડીઓ દ્વારા બીલો રજૂ થયેથી આ અંગે નિયત થયેલ સ્ક્રીનીંગ સમિતિ રમતવીરોને પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરેલ નાણાકીય મર્યાદામાં રકમ ચૂકવી શકશે.

(૨) મનોવૈજ્ઞાનિક કાર્યશિબિર

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જે તે ક્ષેત્રના નિષ્ણાંતની સેવાઓ લઈ મનોવૈજ્ઞાનિક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવે તો તેમાં દરેક ચેમ્પિયને ભાગ લેવાનો રહેશે. કાર્યશિબિરનું લક્ષ્યાંક રમતવીરોની વ્યકિતગત માનસિક ક્ષમતાનો વિકાસ, ધ્યાન કેન્દ્રિત કરવા, મેડલ મેળવવા માટે કટિબધ્ધતા, ધ્યેય પ્રાપ્તિ તેમજ અન્ય મનોવૈજ્ઞાનિક બાબતો હોવી જોઈએ જે રમતવીરોના રમતના દેખાવ માટે ઉપયોગી હોય, કાર્યશિબિરને લગતા તમામ ખર્ચ જેવા કે, પ્રવાસ ખર્ચ, નિષ્ણાંતોની ફી, ભોજન, નિવાસ વગેરે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ભોગવવાનો રહેશે. કાર્યશિબિરની મુદત, સમય અને સંજોગો અનુસાર તેમજ નિષ્ણાંતોની અનુકૂળતાને ધ્યાને લઈને રાખવામાં આવશે.

(૩) પોષણક્ષમ આહાર (ન્યુટ્રીશન)

(૧) ચેમ્પિયન્સ ખેલાડીઓએ સુદૃઢ શરીરનું ગઠન કરવા માટે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની કચેરીએ ન્યુટ્રીશન નિષ્ણાંત તેમજ વિશેષજ્ઞોની સહાયતા લઈ દરેક પ્રતિયોગિને અનુરૂપ આહાર માટે આયોજન કરવાનું રહેશે. આ માટે રમતવીરોની આહારની ટેવો, તાલીમ કાર્ય, પ્રતિયોગિતાઓનો સમય ધ્યાને લેવામાં આવશે.

(૨) જયારે પૂરક આહાર માટે જરૂર જણાય અને ચેમ્પિયનના કુટુંબને તેના માટે સહાયની જરૂર હોય, તો નાણાકીય સહાય આપી શકાશે.

(૩) પોષણક્ષમ આહારના ધોરણો નક્કી કરવા માટે નિયુકત કરેલ નિષ્ણાંતને ફી અંગેનું ચૂકવણું કરી શકાશે.

(૪) રમતવીરો માટે સ્પોર્ટસ મેડીસીન

(૧) આ યોજના હેઠળ સમાવિષ્ટ રમતવીરોનું નિષ્ણાંત દ્વારા સમયાંતરે દાકતરી નિરીક્ષણ કરાવી શકાશે અને આ અંગેની ફી નું ચૂકવણું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કરવાનું રહેશે.

(૨) આ યોજના હેઠળના લાભાર્થીઓ માટે સ્પોર્ટસ મેડીસીનની કાર્યશિબિરનું આયોજન કરવામાં આવશે જેનો તમામ ખર્ચ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતે ભોગવવાનો રહેશે.

(૩) દરેક ચેમ્પિયનને વ્યકિતગત રીતે મેડીકલ વીમા યોજનાનું રક્ષણ (કવચ) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતે પુરૂ પાડવાનું રહેશે અથવા તેનો ખર્ચ ખેલાડીને ચૂકવવાનો રહેશે. આ અંગેના ધારાધોરણો પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવાનાં રહેશે.

(૫) મુસાફરી ભાડું

(૧) આ યોજના હેઠળ સમાવિષ્ટ સામાન્ય અને દિવ્યાંગ રમતવીરોને આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતામાં ભાગ લેવા જવા માટેના હવાઈ મુસાફરી અંગેનો પ્રવાસ ખર્ચ પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરેલ નાણાકીય મર્યાદામાં ખેલાડીની જરૂરીયાતને લક્ષમાં લઈને સ્કીનીંગ સમિતિ દ્વારા મંજૂર કરી શકાશે.

ખેલાડીના વિશિષ્ટ પ્રદર્શન વડે જો કેટલીક વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતાઓમાં ભાગ લેવાથી રમતવીરની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં નોંધપાત્ર સિદ્ધિ મળી શકતી હોય, તો આવા

રમતવીરોને આ બાબતમાં છૂટછાટ આપી શકાશે. જે અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિ દ્વારા લઈ શકાશે.

(૨) આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતાઓ/તાલીમમાં ભાગ લેવા જવા માટે કરવાની થતી વિદેશની મુસાફરી અંગે ભારત સરકાર, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા કે ખાનગી સ્પોન્સર્સ કે આયોજક તરફથી આર્થિક સહાયતા મેળવનાર રમતવીરોને મળવાપાત્ર પ્રવાસ ખર્ચની રકમમાંથી આ રકમ બાદ કરવાની રહેશે.

(૩) નાણાકીય બાબતોને ધ્યાને લેતા વર્ષમાં ૨(બે) વખત ખેલાડી સાથે તેનાં કોચને સ્પર્ધામાં મોકલી શકાશે. (પરંતુ સહાયક તરીકે માતા, પિતા કે વાલીને મોકલી શકાશે નહીં તેમજ કોચ તરીકે વાલી સાથે જઈ શકશે નહીં) જે અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિ દ્વારા લઈ શકાશે.

(૬) નિવાસ, ભોજન અને તાલીમ વ્યવસ્થા

પ્રતિભાશાળી ખેલાડીઓને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ નિષ્ણાંત કોચીઝ દ્વારા અદ્યતન તાલીમ આપવાની થાય ત્યારે તાલીમ લેનાર ખેલાડીના નિવાસ, ભોજન અને તાલીમ માટેની નિષ્ણાંત કોચીઝની ફી અંગેનો ખર્ચ આ અંગે પસંદગી સમિતિ દ્વારા નાણાકીય જોગવાઈની મર્યાદા તથા જરૂરીયાતને અનુલક્ષીને મંજૂર કરી શકાશે.

(૪) મૂલ્યાંકન

(૧) આ યોજના અન્વયે લાભાર્થી રમતવીરે દર મહિનાની ૫ (પાંચ) તારીખ સુધીમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતને તેનો તાલીમ કાર્યક્રમ, સ્પર્ધાનો કાર્યક્રમ વિગેરેની માહિતી આપવાની રહેશે.

(૨) આ યોજનાનો લાભ મેળવતા લાભાર્થી રમતવીરોનું વાર્ષિક મૂલ્યાંકન પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે જેના આધારે વર્ષમાં જયારે જયારે જરૂર જણાય ત્યારે પસંદગી સમિતિ દ્વારા ખેલાડીઓને વીડ આઉટ (Weed Out), અપગ્રેડ (Up Grade) અને ડાઉનગ્રેડ (Down Grade)કરી શકશે.

(૫) સમિતિ

(૧) શકિતદૂત યોજનાનો લાભ આપવા માટેની ખેલાડીઓની અરજીઓની ચકાસણી, મૂલ્યાંકન, પૃથ્થકરણ, શોર્ટલીસ્ટ કરવા માટે અને અન્ય બાબતો માટે નીચે મુજબની એક સ્ક્રીનીંગ સમિતિની રચના કરવામાં આવે છે.

ક્રમ	સમિતિના સભ્યો	સમિતિમાં હોદ્દો
(૧)	ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર	અધ્યક્ષ
(૨)	સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર	સભ્ય
(૩)	આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી (વહીવટ), સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર	સભ્ય
(૪)	આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી(યોજના અને રમતગમત વિકાસ), સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.	સભ્ય
(૫)	ડાયરેકટર – શકિતદૂત, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.	સભ્ય સચિવ

(૬)	પ્રસિધ્ધ રમતવીર/સ્પોર્ટસ એકસપર્ટ (જેવા કે દ્રોણાચાર્ય એવોર્ડી, અર્જુન એવોર્ડી, આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા)	આમંત્રિત સભ્ય
(૭)	સ્ટેટ એસોશીએશનના પ્રતિનિધિ	આમંત્રિત સભ્ય

સ્કીનીંગ સમિતિની કામગીરી/જવાબદારી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

- સ્કીનીંગ સમિતિએ અરજીઓની ચકાસણી, મૂલ્યાંકન, પૃથ્થકરણ, શોર્ટલીસ્ટ કરીને ખેલાડીનાં નામો પસંદગી સમિતિને મોકલવા અંગેની કામગીરી કરવાની રહેશે.
- સ્કીનીંગ સમિતિએ પસંદગી પામેલ ખેલાડીઓને કઇ સ્પર્ધા/તાલીમમાં નાણાકીય સહાય કરવી જોઇએ તે અંગેની કામગીરી કરવાની રહેશે.
- સ્કીનીંગ સમિતિ દ્વારા ખેલાડીઓના પ્રગતિ, જરૂરીયાતો, સ્વાસ્થ્ય, નાણાકીય સહાયના ઉપયોગ વિગેરે બાબતે સમયાંતરે મીટીંગ કરવાની રહેશે.
- સ્કીનીંગ સમિતિને જો કોઇ કિસ્સામાં ટેકનિકલ બાબતોની ચકાસણી કરવા માટે જે તે રમતનાં ટેકનિકલ નિર્ણય/અભિપ્રાયની જરૂરીયાત જણાય તો સમિતિના અધ્યક્ષ આમંત્રિત સભ્ય તરીકે સંબંધિત રમતના જાણકારને સમિતિમાં સમાવેશ કરી શકશે.
- આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કઇ કઇ સ્પર્ધાઓને પોઇન્ટ ટેબલમાં સમાવેશ કે રદ્ધ કરી શકાય તે અંગેની સ્કીનીંગ સમિતિએ પસંદગી સમિતિને ભલામણ અંગેની કામગીરી કરી શકશે.
- સ્કીનીંગ સમિતિએ ખેલાડીઓ સાથે સંપર્કમાં રહી તેની પ્રગતિ, જરૂરીયાતો, શારિરીક ક્ષમતા અને નાણાકીય જરૂરીયાત અંગેની તમામ કામગીરી કરવાની રહેશે.
- પસંદગી સમિતિ દ્વારા સમયાંતરે જે કામગીરી સોંપવામાં આવે તેવી કામગીરી પણ સ્કીનીંગ સમિતિએ કરવાની રહેશે.
- ઉપરોકત બાબતે સ્કીનીંગ સમિતિએ પસંદગી સમિતિને તેની ભલામણો મોકલવાની રહેશે. પસંદગી સમિતિ દ્વારા જે ભલામણો મંજૂર કરવામાં આવે તે ભલામણો અંગેની સંબંધિત કામગીરી સ્કીનીંગ સમિતિ દ્વારા કરવાની રહેશે.
- સ્કીનીંગ સમિતિ દ્વારા સરકારી નીતિનિયમો મુજબ કામીગીરી થાય તે મુજબની કામગીરી કરવાની રહેશે.
- ખેલાડીના પર્ફોમન્સનું રિવ્યુ સ્કીનીંગ સમિતિ દ્વારા વર્ષમાં બે વાર કરવાનું રહેશે.
- ખેલાડીઓના પર્ફોમન્સને ધ્યાને રાખીને પસંદગી સમિતિ ખેલાડીને આ યોજનાનો લાભ આપી શકશે. આ અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
- પસંદગી પામેલા ખેલાડીઓના ફિટનેસ ટેસ્ટ/સ્કિલ ટેસ્ટ સ્કીનીંગ સમિતિ જરૂરીયાત જણાયેથી લઇ શકશે.

(૨) શકિતદૂત યોજનાને કાર્યાન્વિત કરવા માટે માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

ક્રમ	સમિતિના સભ્યો	સમિતિમાં હોદ્દો
(૧)	માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય	અધ્યક્ષ
(૨)	માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી(ર.ગ.)	ઉપાધ્યક્ષ

(૩)	અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	સભ્ય
(૪)	ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર	સભ્ય
(૫)	સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર	સભ્ય
(૬)	વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી	સભ્ય
(૭)	આસીસ્ટન્ટ ડાયરેક્ટર(શક્તિદુત યોજના), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર	સભ્ય સચિવ
(૮)	સ્પોર્ટસ એક્સપર્ટ	આમંત્રિત સભ્ય
(૯)	સ્ટેટ એસોશીએશનના પ્રતિનિધિ	આમંત્રિત સભ્ય

આ સમિતિની કામગીરી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

- વિભાગનાં ઠરાવથી નક્કી કરવામાં આવેલ શકિતદૂત યોજનાનાં નિયમોમાં સુધારો વધારો કરવાની જરૂર છે કે કેમ તેની ચકાસણી સમયાંતરે કરવા અને જ્યાં જ્યાં સુધારો કરવાની જરૂરિયાત જણાતી હોય તે ક્યા કારણોસર અને કેવા પ્રકારનો સુધારો કરવો જરૂરી છે તેની ભલામણ ઉપરોકત સમિતિ કરશે.
- પસંદગી સમિતિ (Selection Committee) દ્વારા સામાન્ય અને દિવ્યાંગ ખેલાડીનાં પર્ફોમન્સની સમીક્ષા કરીને ખેલાડીને જરૂરીયાત મુજબના લાભો આપવા અંગેના તમામ નિર્ણય કરી શકશે.
- આ યોજના હેઠળની હવે પછીથી જે અરજીઓ મળશે તેનો વખતોવખત નિર્ણય ઉપરોક્ત સમિતિ દ્વારા કરવામાં આવશે.
- પસંદગી સમિતિ દ્વારા વર્ષમાં એકવાર ખેલાડીઓનાં રિવ્યુ માટે મીટીંગનું આયોજન કરવાનું રહેશે.
- જો કોઇ ખેલાડી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરે તો તેવા ખેલાડીઓને કેસ ટુ કેસ બેસીઝ પર પસંદગી સમિતિ યોજનાનો લાભ આપી શકશે.
- પસંદગી સમિતિ દ્વારા પોઇન્ટ ટેબલમાં સ્પર્ધાઓ વધારવી/બાદ કરવી તે અંગેનો નિર્ણય કરી શકશે.
- પસંદગી સમિતિ દ્વારા ખેલાડીઓનાં પર્ફોમન્સના આધારે લાભાર્થીઓને જરૂરીયાત મુજબ લાભો આપવા અંગેનો નિર્ણય કરી શકશે.
- ખેલાડીઓનાં તાલીમ અને સ્પર્ધા માટેના નાણાકીય બાબતો અંગેના નિર્ણય પસંદગી સમિતિ કરી શકશે.
- આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય તાલીમ અને સ્પર્ધા દરમ્યાન ખેલાડીઓને આપવાના થતા ડેઇલી એલાઉન્સ અંગેનો નિર્ણય પસંદગી સમિતિ દ્વારા કરી શકાશે.
- ખેલાડીઓની તાલીમ અને સ્પર્ધા માટેની કરવામાં આવતી નાણાકીય સહાય અંગેના નીતિ નિયમો અંગેનો નિર્ણય પસંદગી સમિતિ દ્વારા કરી શકાશે.
- પસંદગી સમિતિમાં દર્શાવેલ સ્પોર્ટસ એકસર્પટની નિમણુક કરવા માટે પસંદગી સમિતિના અધ્યક્ષની મંજૂરી મેળવવાની રહેશે.

- પસંદગી સમિતિને જો જરૂરીયાત જણાય તો જે તે રમતનાં પ્રસિધ્ધ ખેલાડીઓને આમંત્રિત સભ્યો તરીકે બોલાવી શકશે.
- શકિતદૂત યોજના અંતર્ગત પસંદગી પામેલા ખેલાડીઓને પ્રારંભિક સહાય અંગેનો નિર્ણય પસંદગી સમિતિ કરી શકશે.
- શકિતદૂત યોજના અંતર્ગત વિવિધ રમતોની કેટેગરી નક્કી કરવાની જરૂરીયાત જણાય તો તેવા કિસ્સામાં પસંદગી સમિતિ આ અંગેનો નિર્ણય કરી શકશે.
- આ યોજનાનો લાભ મેળવતા લાભાર્થી રમતવીરોનું વાર્ષિક મૂલ્યાંકન પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. જેના આધારે વર્ષમાં જયારે જયારે જરૂર જણાય ત્યારે પસંદગી સમિતિ દ્વારા ખેલાડીઓને વીડ આઉટ(Weed Out), અપગ્રેડ (Up Grade) અને ડાઉનગ્રેડ (Down Grade) કરી શકશે. આ યોજના હેઠળ ખેલાડીને મહત્તમ કેટલો લાભ આપવો તે અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિનો રહેશે.
- જો કોઇ ખેલાડીને તાલીમ અથવા સ્પર્ધાના ખર્ચ માટે નિયતમર્યાદા કરતાં વધારે રકમની જરૂરીયાત હોય તો તેવા કિસ્સામાં નિયત મર્યાદા કરતાં વધારે રકમ ચૂકવવાની સત્તા પસંદગી સમિતિ પાસે રહેશે.

(૬) નીડ બેઝ(Need Base) સહાય

શકિતદૂત યોજના અંતર્ગત દિવ્યાંગ ખેલાડીઓ અને સામાન્ય ખેલાડીઓને નીચે મુજબના પત્રકમાં દર્શાવ્યા મુજબની વિવિધ કેટેગરીમાં નાણાકીય નીડ બેઝ સહાયની રકમ આપવાની રહેશે.

ક્રમ	ખેલાડીઓની કેટેગરી	સામાન્ય ખેલાડીને પ્રતિ વર્ષ ચૂકવવાની મહત્તમ મર્યાદા	દિવ્યાંગ ખેલાડીને પ્રતિ વર્ષ ચૂકવવાની મહત્તમ મર્યાદા
૧	એ–૧	૩.૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)	૩.૫૦,૦૦,૦૦૧/– (અંકે રૂપિયા પચાસ લાખ એક પુરા)
૨	એ–૨	૩.૩૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંત્રીસ લાખ પુરા)	૩.૩૫,૦૦,૦૦૧/– (અંકે રૂપિયા પાંત્રીસ લાખ એક પુરા)
૩	એ–૩	૩.૨૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા)	૩.૨૫,૦૦,૦૦૧/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ એક પુરા)
૪	એ–૪	૩.૧૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પંદર લાખ પુરા)	૩.૧૫,૦૦,૦૦૧/– (અંકે રૂપિયા પંદર લાખ એક પુરા)
૫	બી	૩.૭,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સાત લાખ પુરા)	૩.૭,૦૦,૦૦૧/– (અંકે રૂપિયા સાત લાખ એક પુરા)

- ઉક્ત પત્રકના એ–૧ થી એ–૪ કેટેગરીમાં મહત્તમ ૨૦૦ ખેલાડીઓની પસંદગી કરવાની રહેશે તથા બી કેટેગરીમાં મહત્તમ ૫૦ ખેલાડીઓની પસંદગી કરવાની રહેશે. તેમજ લાયકાત ધરાવતા ખેલાડીઓની કુલ સંખ્યા ૨૫૦ થી વધુ જણાય તો પસંદગી સમિતિની મંજૂરી મેળવવાની રહેશે.

- શકિતદૂત યોજનામાં ખેલાડીની પસંદગી કર્યા બાદ તેઓને નીચે મુજબની કઈ કેટેગરીમાં યોજનાનો લાભ આપવો તે પસંદગી સમિતિએ નક્કી કરવાનું રહેશે. આ ઉપરાંત કેટેગરીમાં સુધારા/વધારા તેમજ સંબંધિત કેટેગરીમાં ધારાધોરણોમાં ફેરફાર પસંદગી સમિતિ કરી શકશે.

એ–૧ કેટેગરી: ઓલિમ્પિક ગેમ્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સના મેડાલિસ્ટ તેમજ મેડલની સંભાવનાવાળા ખેલાડીઓ.

એ–૨ કેટેગરી: વર્લ્ડ કપ, વર્લ્ડ ચેમ્પિયનશીપ, એશિયન ચેમ્પિયનશીપ, કોમનવેલ્થ ચેમ્પિયનશીપના મેડાલિસ્ટ તેમજ મેડલની સંભાવનાવાળા ખેલાડીઓ.

એ–૩ કેટેગરી: ઈન્ટરનેશનલ એસોસિયેશન/ફેડરેશન દ્વારા માન્ય સ્પર્ધાઓ, વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ, વર્લ્ડ સ્કૂલ ગેમ્સ, વર્લ્ડ સ્કૂલ ચેમ્પિયનશીપના મેડાલિસ્ટ તેમજ મેડલની સંભાવનાવાળા ખેલાડીઓ.

એ–૪ કેટેગરી: નેશનલ એસોસિયેશન/ફેડરેશન દ્વારા માન્ય સ્પર્ધાઓના મેડાલિસ્ટ તેમજ મેડલની સંભાવનાવાળા ખેલાડીઓ.

બી કેટેગરી: પ્રતિભાશાળી યુવા/જુનિયર ખેલાડીઓ.

(૭) માર્કિંગ સીસ્ટમ

આ યોજનામાં આ સાથે સામેલ પત્રક–G મુજબની માર્કિંગ સીસ્ટમ ધ્યાને લેવાની રહેશે.

(૧) જે માર્કિંગમાં કોઈ સ્પષ્ટીકરણ કરવાની જરૂરિયાત જણાશે તો પસંદગી સમિતિ આ અંગેનો નિર્ણય લઈ શકશે.

(૨) ખેલાડીને પ્રતિ વર્ષ, પ્રતિ સ્પર્ધા અને પ્રતિ ચંદ્રક દિઠ પોઈન્ટની ગણતરી કરવામાં આવશે.

(૩) ઉપરોક્ત સ્પર્ધા અંગેના પોઈન્ટ સીસ્ટમમાં પસંદગી સમિતિ દ્વારા સુધારો વધારો કરી શકાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગ મારફત સરકારશ્રીની તા.૦૭/૦૮/૨૦૨૬ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.બી.પરમાર)
નાયબ સચિવ (૨.ગ),
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

બિડાણઃ પત્રક–G

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ર.ગ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી કમિશનરશ્રી, કર્મયોગી ભવન, બીજો માળ, સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓની કચેરી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- વેબ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (આ ઠરાવ વિભાગની સાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ–૨૦૨૬.

પત્રક-G

National/ International Competitions								
Competitions	Senior				Junior/ Sub - Junior/Cadet/Youth			
	Gold	Silver	Bronze	Participation	Gold	Silver	Bronze	Participation
Olympic Games	1000	800	700	500	800	700	600	300
Asian Games	800	700	600	300	600	500	300	200
Commonwealth Games	600	500	300	200	500	350	200	100
World Cup/Championship	400	300	200	100	350	250	150	75
Asian/Commonwealth Championship	350	250	150	90	300	200	125	60
World University/School Games & World School Championship	250	150	90	50	150	100	75	40
International Championships approved by any International Federation/Associations	150	100	50	20	125	90	60	20
South Asian Games	125	90	45	20	100	75	45	20
National Games	200	150	100	-	-	-	-	-
Khelo India Games	100	75	40	-	100	75	40	-
National championships recognized by NSF	90	70	40	-	90	70	40	-
School Games Federation of India (SGFI) National Championship	-	-	-	-	60	40	30	-
State Level Competition								
Khel Mahakumbh (State Level)	20	15	10	-	20	15	10	-

નોંધ:- (૧) ઉપરોકત 'પત્રક' માં દર્શાવેલ માર્કિંગમાં કોઇ સ્પષ્ટીકરણ કરવાની જરૂરિયાત જણાશે તો પસંદગી સમિતિ આ અંગેનો નિર્ણય લઇ શકશે.

(૨) ખેલાડીને પ્રતિ વર્ષ, પ્રતિ સ્પર્ધા અને પ્રતિ ચંદ્રક દિઠ પોઈન્ટની ગણતરી કરવામાં આવશે.

(૩) ઉપરોકત પત્રકમાં દર્શાવેલ સ્પર્ધાઓ અંગે પસંદગી સમિતિ જરૂરિયાત મુજબ સુધારો વધારો કરી શકશે.